| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪–૦૫–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૪–૦૫–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૧–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૨ ૧૦ ૦૭ |

**રાણાવાવના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ.રાણાવાવ**

**ફોજદારી કેસ નં.૪૭૪/૨૦૨૩**
આંક–

**ફરીયાદી** : શ્રી સરકાર..

**વિ રૂ દ્ધ**

**આરોપી** : **રામાભાઈ અરજનભાઈ ડાકી**
ઉ.વ.૫૫
રહે.દોલતગઢ, પ્રાથમિક શાળા પાસે, વાડીએ,
તા.રાણાવાવ, જી.પોરબંદર.

| | | |
|---|---|---|
| ગુનો | : | **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫ મુજબ.** |

.............................................................................................................................

ફરીયાદ પક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે.એલ.ઓડેદરા.

આરોપીપક્ષ.........તરફે : વિ. વકીલ શ્રી વિ.ડી.જોષી.

.............................................................................................................................

**-:: ઠ રા વ ::-**

**(૧). ફરીયાદપક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત :-**આરોપીએ ગઈ તા.૧૭/૦૩/૨૦૨૩ નાં રોજ કલાક ૨૦:૩૦ વાગ્યાના સુમારે દોલતગઢ ગામ, પ્રાથમિક શાળા પાસેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં જાહેર રોડ પરથી મળી આવીને ગુનો કરતા, ફરિયાદીએ પ્રોહી.એકટની કલમ-૬૬ (૧)બી, ૮૧ મુજબની ફરિયાદ કરતા આરોપી વિરૂધ્ધ પુરાવાના આધારે હાલનાં ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

**(૨). ગુના નું સંજ્ઞાન :-** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલત માં આરોપી વિરૂધ ચાર્જશીટ રજૂ કરતા, સંહિતાની કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હા અંગે નું સંજ્ઞાન લઈ સંહિતા ની કલમ-૨૦૪ અન્વયે સમન્સ કાઢતા આરોપી હાજર થયેલ હતા, તેઓને સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડેલ અને આરોપી સામે સદર ગુના નું **આંક-૦૪ થી** ગુના નુ તહોમતનામું ફરમાવેલ અને આરોપી નુ **આંક-૦૫** થી પ્રાથમિક જવાબ (નિવેદન) લેતા ગુન્હા નો ઈન્કાર કરેલ, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

**(૩). પુરાવો :-** ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૬ | મુકેશભાઈ દ્વારકાદાસ જોષી | પંચસાહેદ |
| (૨) | ૦૮ | ઈમ્તીયાઝ ઉંમરમીયા પીરજાદા | પંચસાહેદ |
| (૩) | ૦૯ | ડો.મિલનભાઈ દેવાભાઈ મુછાર | મેડીકલ ઓફીસર |

| | | | |
|---|---|---|---|
| (૪) | ૧૯ | હરદાસભાઈ વરજાંગભાઈ કનારા | ફરીયાદી/ત.ક.અ. |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | આરોપીની શરીરી સ્થિતીનું પંચનામુ |
| (૨) | ૧૦ | રાણાવાવ પોલીસ સ્ટેશનની યાદી |
| (૩) | ૧૧ | એમ.એલ.સી.કેસ પેપર્સ |
| (૪) | ૧૨ થી ૧૪ | ફોર્મ નં.''એ'','' બી'', ''સી'' |
| (૫) | ૨૦ | અસલ ફરીયાદ |
| (૬) | ૨૧ | તપાસનો ડેપ્યુટ હુકમ |

**(૪). વિશેષ નિવેદન :-** ત્યારબાદ આ કામે આરોપી નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે તેઓની સામે ખોટું પંચનામુ કરી, ખોટી ચાર્જશીટ કરેલ છે તેઓ બ્લડ સેંપલ કલેકશન અંગે કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામમાં સંડોવી દીધેલ છે.

**(૫). દલીલ :-** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે આરોપી એ જાહેર માં દારૂ પી ને તેણી ને બહેન માર મારેલ હતો તેથી પોલીસ ને ફોન થી બોલાવતા આરોપી ને અટક કરી ને તેઓ વિરૂધ બે ગુના દાખલ થયેલ છે તેથી તેઓ ને મહત્તમ શિક્ષા કરવી જોઈયે.

આરોપી તરફે વિ.વ.શ્રી એ રજુઆત કરેલ છે કે આ કામે આરોપી ના લીધેલ બ્લડ સેપલ દિન-૭ માં લેબોરટરી માં પહોંચેલ ન હોવા થી પ્રોહીબીશન રૂલ્સ-૪ નો ભંગ થયેલ હોવા થી આરોપી એ કેફી પીણું પીધેલ હોવા ની હકીકત પુરવાર થયેલ નથી તેથી આરોપી ને શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬). મુદદાઓ :–** ફરીયાદ હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૭/૦૩/૨૦૨૩ નાં રોજ કલાક ૨૦:૩૦ વાગ્યા ના સુમારે દોલતગઢ ગામ, પ્રાથમિક શાળા પાસેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં જાહેર રોડ પરથી મળી આવીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) બી, ૮૫ મુજબ નો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૭). જવાબો :–** ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧). નકારમાં,

(૨). આખરી હુકમ મુજબ.

**મુદદાઓ ના કારણો તથા જવાબો**

**(૮). મુદા નં.–૧ :–** સદર કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ–૪ જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે તેમજ કુલ–૮ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. જેમાં પંચસાહેદોનો પુરાવો, મેડીકલ ઓફીસર ફરીયાદી /તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ

ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે.

એવીડન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે આ કામે પ્રથમ પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો,

**<u>(૯). પંચસાહેદો નો પુરાવો :–</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક–૦૬** થી પંચસાહેદ મુકેશભાઈ દ્વારકાદાસ જોષીને તથા **આંક–૦૮** થી ઈમ્તીયાઝ ઉમરમીયા પીરજાદાને સોગંદ ઉપર તપાસેલ છે. સદર બંને પંચસાહેદો **આંક–૦૭** ના આરોપીની શરીરી સ્થિતીના પંચનામાના પંચસાહેદો છે તેઓ એ માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન પુરૂ પાડેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી, તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

આમ, આરોપી વિરૂધ્ધ નુ ઉપરોકત પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આંક–૦૭ વાળુ પંચનામુ સદર પંચસાહેદો ની જુબાનીથી પુરવાર થયેલુ જણાઈ આવતુ નથી.

**<u>(૧૦). ફરીયાદી/ત.ક.અમલદારનો પુરાવો :–</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં **ફરીયાદી/ત.ક.અમલદાર હરદાસભાઈ વરજાંગભાઈ કનારાને આંક–૧૯** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને તથા તપાસ કરનાર તરીકે કરેલી કાર્યવાહીની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તપાસનાં અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી સામે ચાર્જશીટ કરેલાની હકીકતો

જણાવેલ અને જુબાની દરમ્યાન આંક–૨૦ થી અસલ ફરીયાદ તથા આંક–૨૧ થી તપાસનો ડેપ્યુટ હુકમ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદી/ત.ક.અમલદારે તેઓને પુછવામાં આવેલ પ્રશ્નોના નકારાત્મક જવાબો આપેલા છે.

**(૧૧). મેડીકલ ઓફીસરનો પુરાવો ::–**

આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ **ડો.મિલનભાઈ દેવાભાઈ મુછારને આંક–૦૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ગઈ તા.૧૮/૦૩/૨૦૨૩ નાં રોજ રાણાવાવ સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે રાણાવાવ પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૮૦૧૫૨૩૦૧૫૬/૨૦૨૩ ના કામનાં આરોપી રામા અરજણ ડાકી ને તેમની સમક્ષ મેડીકલ તપાસણી અર્થે પોલીસ યાદી સાથે લાવેલ હતા, જે પોલીસ યાદી **આંક–૧૦** થી રજુ છે. સદર કામે આરોપીના એમ.એલ.સી.કેસ પેપર્સ સાહેદે તૈયાર કરેલ હતા, જે **આંક–૧૧** થી રજુ રાખેલ છે જે ઓળખી બતાવે છે. આરોપીની મેડીકલ તપાસણી લેવાની કામગીરી સોહદે જાતેથી કરેલ અને ફોર્મ નં.'એ' તૈયાર કરેલ. સાહેદ સમક્ષ આરોપીને ગઈ તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ બપોરે ૦૧:૧૫ વાગ્યે બ્લડ સેમ્પલ લેવાની કામગીરી અર્થે લાવેલા અને આરોપીનું કલાક ૦૧:૧૫ તપાસેલ અને બ્લડ સેમ્પલ લીધેલ. આરોપીની તપાસણી કરતા તમો આરોપીના શ્વાસમાંથી આલ્કોહોલની વાસ આવતી હતી અને વાણી સામાન્ય ન હતી, ચાલ અસ્થિર હતી, આંખની કીકી સામાન્ય હતી, જે ચકાસણી અંગેનું ફોર્મ નં.'એ' તૈયાર કરેલ, જે ફોર્મ નં.''એ'' **આંક–૧૨** માં આરોપીના અંગુઠાનું નિશાન તેમજ સાહેદની સહી તથા સિકકો રહેલ છે. આરોપીની બ્લડ સેમ્પલ લેવાની કામગીરી અંગેનું ફોર્મ નં.'બી' ની કાર્બન કોપી સાહેદે **આકં–૧૩** થી રજુ રાખેલ છે. આરોપીની

બ્લડ સેમ્પલ લેવાની કામગીરીમાં ડીસ્પોઝેબલ સીરીંજનો ઉપયોગ કરેલ અને સીરીંજ તેમજ ફીયાલ(શીશી) ને સ્ટરીલાઈઝ (ઉકળતા પાણી) થી સાફ કરેલ અને જંતુરહિત કરેલ તથા સદર સીરીંજ અને ફીયલમાં આલ્કોહોલ કે અન્ય કોઈ સોલ્યુશનનો સ્પર્શ ન થાય તેની કાળજી રાખેલ અને આરોપીના શરીરમાંથી ૫ સીસી વિનશ બ્લડ સેમ્પલ લીધેલ, જેને ફીયાલમાં નાખી બરાબર હલાવી એન્ટીકોન્યુલન્ટ ત્થા પ્રિઝર્વવેટીવ ઉમેરી શીલ કરેલ તથા ફોર્મ નં.'બી' માં વિગતો ભરી અને સી.એચ.સી. રાણાવાવના શીલના નમુનાની છાપ અને ફોર્મ નં.'બી' માં લીધેલ. સદર ફોર્મ નં.'બી' માં પોતાની સહી તથા સી.એચ.સી. રાણાવાવના શીલના નમુના ઓળખી બતાવે છે. સદર બ્લડ સેમ્પલ F.S.L. તરફ ચકાસણી અર્થે મોકલવામાં આવેલ અને F.S.L. તરફથી ચકાસણી અહેવાલ મળેલ, જે સાહેદે **આંક-૧૪** થી રજુ રાખેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** આંક-૧૦ સર્ટી. મુજબ આરોપી તા.૧૭/૦૩/૨૨ નાં રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે તેમની સમક્ષ રજુ કરેલ. આંક-૧૧ મુજબ તેઓએ આરોપીનું બ્લડ સેમ્પલ તા.૧૮/૦૩/૨૦૨૩ નાં કલાક ૦૧:૧૫ મિનીટે લીધેલ અને આંક-૧૨ ના ફોર્મ 'એ' માં આરોપીને તેમની સમક્ષ તા.૧૮/૦૩/૨૩ નાં રોજ રજુ કરેલ, તેવુ લખેલ છે. દર્દીનું લોહી લેવાની કાર્યવાહી તેમના ઓ.પી.ડી. વિસ્તારમાં કરવામાં આવે છે અને બીજા કોઈ દર્દી આવેલા હોય અને બીજી કોઈ બિમારી હોય તેની પણ તપાસ તે વિસ્તારમાં કરવામાં આવે છે. વધુમાં, તેઓએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બીજા કોઈ વ્યકિતઓ જેમને ઈજા થઈ હોય તેમના ઘા સાફ કરવા માટે આલ્કોહોલ કે સ્પીરીટનો ઉપયોગ કરવામાં આવે છે. સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે, તેમનો વિસ્તાર અલગ હોય છે અને તે ડ્રેસીંગ રૂમમાં કરવામાં આવે છે. બ્લડ

સેમ્પલ જેમાં લેવામાં આવે છે તે ઈન્જેકશનની ખાલી શીશીઓ હોય છે અને તે ખાલી શીશી તેમના સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે અને ત્યાંથી આપવામાં આવે છે. સદર ખાલી શીશી કયારે સાફ કરવામાં આવી તે સાહેદ કહી શકે નહીં. આંક–૧૨ વાળ ફોર્મ ''એ '' મુજબ તેઓએ દર્દીનું બ્લડ સેમ્પલ તા.૧૮/૦૩/૨૦૨૩ નાં રોજ લીધેલ છે અને આંક–૧૪ વાળા ફોર્મ ''સી'' મુજબ તે સેમ્પલ F.S.L. ગાંધીનગરને તા.૦૬/૦૪/૨૦૨૩ નાં રોજ મળેલ છે અને તેનું પરીક્ષણ તા.૨૧/૦૪/૨૦૨૩ નાં રોજ કરવામાં આવેલ છે. બ્લડ સેમ્પલ લીધાના ૭ દિવસમાં F.S.L. ને લોહી મળી જવુ જોઈએ તેવો રૂલ્સ છે. સદરહુ લોહી ઉપર પ્લાસ્ટીકનું બુચ મારી શીલ પેક કરવામાં આવે છે. વધુમાં, તેઓએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** લોહી લેતી વખતે તેમાં એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝર્વવેટીવ ઉમેરવાના હોય છે પરંતુ આ કામે જે બ્લડ સેમ્પલ લેવામાં આવેલ તેમાં કેટલુ એન્ટીકોગ્યુલન્ટ તથા પ્રિઝર્વવેટીવ ઉમેરેલ તે હકીકત ફોર્મ નં.'એ' તથા 'બી' માં દર્શાવેલ નથી. બ્લડ સેમ્પલ ઉપર ડોકટરશ્રીનું શીલ હોવુ જરૂરી છે. બજારમાં મળતી દવાઓમાં પણ આલ્કોહોલનું પ્રમાણ હોય છે જે પીવાથી મોઢામાંથી આલ્કોહોલની વાસ આવી શકે. જયારે તે સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

**(૧૨).** આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આરોપીનું મેડીકલ એકઝામીનેશન **તા.૧૮/૦૩/૨૦૨૩** ના રોજ બપોરનાં કલાક ૦૧:૧૫ વાગ્યે કરવામાં આવેલ છે અને બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે. જયારે **આંક–૧૪** વાળો F.S.L. રીપોર્ટ વંચાણે લેતાં સદર બ્લડ સેમ્પલ **તા.૧૮/૦૩/૨૦૨૩** ના રોજ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને મોકલવામાં આવેલ છે અને **તા.૦૬/૦૪/૨૦૨૩** ના રોજ F.S.L. ગાંધીનગરને મળેલ છે. આ હકીકત ધ્યાને લેતા આરોપીનું બ્લડ સેમ્પલ

**તા.૧૮/૦૩/૨૦૨૩** ના રોજ કલેકટ કર્યા બાદ **તા.૦૬/૦૪/૨૦૨૩** ના રોજ એટલે કે **૧૯ (ઓગણીસ)**માં દિવસે મળેલ છે. આ અંગે બ્લડ ટેસ્ટ રૂલ્સની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**બોમ્બે પ્રોહી. બ્લડ ટેસ્ટ રૂલ–૪ :–**

(૧).............

(૨) ઉપર પ્રમાણે નિયમ(૧) માં ઠરાવ્યા પ્રમાણે શીશીમાં નમુનાનું લોહી, ચકાસણી અધિકારી (ટેસ્ટીંગ ઓફીસર)ને ટપાલ મારફત અથવા ખાસ સંદેશવાહન મારફત મોકલવું જોઈએ. જેથી ચકાસણી અધિકારીને તે લોહી લીધાના દિવસથી સાત દિવસમાં તે મળી જાય. તેની સાથે ફોર્મ 'બી' માં એક પત્ર સામેલ રાખવો જોઈએ. જેના ઉપર નમુનાના લોહીની શીશી ઉપર સીલ કરવા જે મોનોગ્રાફ કે સીલ વાપર્યુ હોય તેની પ્રતિકૃતિ હોવી જોઈએ.

**(૧૩).** ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં આરોપીનું બ્લડ સેમ્પલ કલેકટ કર્યા બાદ સાત દિવસ માં F.S.L. માં મોકલવાનું ફરજીયાત છે. જો સાત દિવસમાં બ્લડ સેમ્પલ ન પહોંચે તો તે બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪ ની ફરજીયાત જોગવાઈનો ભંગ થાય છે. હાથ પરના કેસમાં પણ આરોપીનું બ્લડ સેમ્પલ ઓગણત્રીસ (૨૯) માં દિવસે F.S.L.ને પહોંચેલ હોય રૂલ–૪ ની જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થાય છે, તેમ આ અદાલત માને છે. વધુમાં, **સ્ટેટ ઓફ ગુજરાત વિ. બાપુજી સવાજી**ના ચુકાદામાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો બ્લડ સેમ્પલ,બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ના રૂલ–૪(૨) ની જોગવાઈ મુજબ સાત દિવસમાં ટેસ્ટીંગ ઓફીસમાં પહોંચાડવામાં ન આવે તો ફરજીયાત જોગવાઈનો ભંગ થાય અને તેનો લાભ આરોપીને મળે.

આમ હાથ પરના કેસમાં પણ બ્લડ સેમ્પલ કલેકટ કર્યા બાદ **૧૯ (ઓગણીસ)** માં દિવસે F.S.L. ગાંધીનગરને પહોંચેલ છે. વધુમાં, તપાસવામાં આવેલ

મેડીકલ ઓફીસરે આરોપી તરફેની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બ્લડ સેમ્પલ લીધાના ૭ દિવસમાં F.S.L. ને લોહી મળી જવુ જોઈએ તેવો રૂલ્સ છે. તેથી ફરજીયાત જોગવાઈનો ભંગનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે તેમ આ અદાલત માને છે.

**(૧૪).** આમ, ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી ફરિયાદપક્ષ મુદદા નં.૧ ની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય મુદદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદદાઢ નં.ર લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

**(૧).** આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ ની કલમ-૨૪૮ (૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬ (૧) બી, ૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડ ની કલમ-૪૩૭ (એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂા.૧૦,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૧ લી માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA
Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.04.01 13:07:31 +0530

**તા.૦૧/૦૪/૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ :-રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**(સેલ્ફ)** **U.I.C.NO. GJ 01439.**